# -: જય શ્રી કૃષ્ણ :-

# સર્વ ગુણ સંપન્ન ... ૧૬ કળા સંપૂર્ણ શ્રીકૃષ્ણ

# શું શ્રીકૃષ્ણ આજના

# વાતાવરણમાં જન્મ લઈ શકે ?

**શ્રી કૃષ્ણ** નિર્વિવાદરૂપથી એક અત્યંત મહાન ધાર્મિક અને પ્રશાસનિક બન્ને રૂપે કુશળતા સંપન્ન હતા.  પરિણામે કૃષ્ણના ચિત્રમાં પ્રકાશનો તાજ તથા રત્નજડિત સુવર્ણ મુગુટથી સુસજ્જિત બતાવવામાં આવે છે.

## “કૃષ્ણ ૧૬ કળા સંપૂર્ણ અને સુંદર “

શ્રી કૃષ્ણમાં શારીરિક આરોગ્યતા અને સુંદરતાની, આત્મિક બળ અને પવિત્રતાની તથા દિવ્યગુણોની અત્યંત પરાકાષ્ઠા હતી.  માનવ શરીરમાં સર્વોત્તમ જન્મ હોય તો શ્રીકૃષ્ણનો.  શ્રી કૃષ્ણનું વ્યક્તિત્વ એટલું મહાન અને આકર્ષક હતું કે જો આજે પણ તે પૃથ્વી પર થોડા સમય માટે પણ પ્રગટ થાય તો સર્વ ધર્મના લોકો એક થઇ તેની સામે નતમસ્તક થઇ, મુગ્ધ બની કૃષ્ણને નિહાળતા રહે.

## -: કેટલુ ઉજ્જવળ મન :-

વિચાર કરો કે, જે તનની મૂર્તિ બનાવી આજે મંદિરમાં રાખવામાં આવે છે, શું આ તનમાં બીરાજમાન મન મંદિર સમાન નહી હોય ?  જે તનનાં ચરણોમાં જળ

ઉછાળી લોકો ચરણામૃત લે છે તેમાજ સ્વયંને ધન્યધન્ય માને છે. જેના હાથોને આશીર્વાદ મુદ્રામાં જોવા ઋષિ-મુની ઘોર સાધના કરે છે, જેના મુખેથી 'તથાસ્તુ' સાંભળવા માટે ભક્ત સર્વસ્વ ન્યોચ્છાવર કરવા તૈયાર છે. શું આ હાથ, મુખ અને પાંવથી કાર્ય કરનાર મન ચમત્કારી નહી હોય ? જો તેનું મન ખુશીથી નાચતું ન હોય તો શ્રી કૃષ્ણને 'નટવર નાગર' અથવા રાસરચૈયા શા માટે કહેવાય છે ? જો તેના મુખેથી હંમેશા મધુર બોલ ન નીકળતા હોય તો તેના હાથમાં હંમેશા મુરલી શા માટે બતાવવામાં આવે છે ? બાળપણમાં પણ શ્રી કૃષ્ણના હાથમાં મુરલી ચિત્રિત કરવાનો અર્થ છે કે, જ્યારે શ્રી કૃષ્ણ મુરલી બજાવવાનું જાણતા ન હતા ત્યારે પણ તેના તોતલા-તોતલા બોલ મુરલીના સ્વરોની જેમ અંતરાત્માને સુખ આપનાર હતા.

## -: શ્રી કૃષ્ણની મહાનતા :-

આમ તો સંસારમાં એ રિવાજ છે કે, નાની આયુના બાળકો મોટાની આગળ મસ્તક નમાવે છે. પરંતુ શ્રી કૃષ્ણ... ગમે તેટલી નાની આયુના કેમ ન હોય, બધાજ બાળક, વૃદ્ધ અને મહાત્મા પણ નમસ્કાર કરે છે. ત્યારે શ્રી કૃષ્ણની અંદર જરૂર કોઈ અદભૂત ચમત્કાર હશે જેના કારણથી લોકો માત્ર હાથોથી નહી આઠ અંગોથી નમસ્કાર કરે છે.

આપણે શ્રી કૃષ્ણના દર્શન કરી શકીએ ખ...રા...? આજે જો કોઈ શ્રી કૃષ્ણની સુંદર છબિને નિહાળવા ઉત્સુક પણ હોય, તો પણ કઈ રીતે નિહાળી શકે ? કેમ ? કારણ શું છે ? ઓ....હો....કેવીરીતે જોઈ શકાય શ્રી કૃષ્ણને ? શ્રી કૃષ્ણનું શરીર તો અતિ પવિત્ર, સતોપ્રધાન તત્વોથી બનેલું હતું. ત્યારે આ નેત્ર જે તમોપ્રધાન તત્વોના બનેલ છે....અને એવા પણ છે જેણે ક્યારેક કોઈને કોઈની દૃષ્ટિથી અને કોઈને

મોહિની વૃતિથી નિહાળ્યા છે, ત્યારે તે ભલા મોહન (મોહ ન)અર્થાત "જેનામાં મોહ નથી" તેને કઈ રીતે જોઈ શકે ?

આ સંસારમાં જો કોઈ ખુબ સુંદર વ્યક્તિ હશે તો લોકો કહે છે "આમને તો સ્વયં ભગવાને પોતાના હાથથી રચ્યા છે." ઘણા એવું પણ કહે છે કે, "આને તો વિધાતાએ ખુદ ઘડ્યો છે." ઘણા એવું પણ કહે છે કે બ્રહ્માજી અથવા વિશ્વકર્માએ તો આના પર પોતાની સમસ્ત કારીગરી લગાવી દીધી છે. એમ પણ કહે છે કે "આ તો કોઈ ન્યારા જ તત્વોથી બનેલ છે." આવા જ ન્યારા તત્વોથી વિધાતાએ રચ્યા શ્રી કૃષ્ણ કે તેના સૌન્દર્યની નકલ પણ થઇ ન શકે. મૂર્તિકાર પત્થરમાં જે આકૃતિ બનાવે છે તેને "પ્રતિમા" કહેવામાં આવે છે. પ્રતિ નો અર્થ છે નકલ અથવા કોપી, માં નો અર્થ છે ન.

"નં" નો ભાવાર્થ એ થયો કે શ્રી કૃષ્ણની નકલ કરવાની કોશિશ કરવામાં આવી પરંતુ કરી ન શક્યા. ચિત્રકાર અથવા મૂર્તિકારે શ્રી કૃષ્ણને ન તો આ ચર્મ ચક્ષુથી જોયા, ન દિવ્ય દૃષ્ટિથી, તો કૃષ્ણની મૂર્તિ કેવીરીતે બનાવી શકે ? અસલ જ માલુમ ન હોય તો નકલ કેવીરીતે થઇ શકે ? આજે સંસારમાં એવા કોઈ ગુણવાન પણ નથી. તો મૂર્તિ કેવીરીતે બને ? અસલ જ માલુમ ન હોય તો નકલ કેવી રીતે થઇ શકે ? આજે સંસારમાં એવા કોઈ ગુણવાન પણ નથી તો મૂર્તિ કેવીરીતે બને ? ચૈતન્ય મૂર્તિ શ્રી કૃષ્ણનાં દર્શન ન કરી શકવાના કારણથી જ લોકોને તેની ઝલક નાટકમાં ભિન્ન ભિન્ન રૂપથી બતાવવામાં આવે છે. પરંતુ સ્વયં શ્રી કૃષ્ણના દર્શન તો ત્યારે જ થઇ શકે જ્યારે દૃષ્ટિ સતોગુણી બને અને દૃષ્ટિ ત્યારે સતોગુણી બનશે જ્યારે પ્રથમ મન સતોગુણી બનશે.

શ્રી કૃષ્ણનો પૂર્વ જન્મમાં અત્યંત મહાન પુરુષાર્થ જન્મથી જ પવિત્રતા તથા રત્નજડિત તાજ પ્રાપ્ત થવાથી સિદ્ધ છે કે શ્રી કૃષ્ણે પૂર્વ જન્મમાં કોઈ ખૂબ જ મહાન

પુરુષાર્થ કરેલો છે.  જેના ફળ સ્વરૂપે તેને સ્વસ્થ, સુંદર તન....અતિ નિર્મલ મન, અતુલ ધન અને સન્માન પ્રાપ્ત થયા.  તન, ધન અને પ્રકાશનો તાજ એ પણ કર્મ અને સંસ્કાર અથવા પુરૂશાર્થનુંસાર જ પ્રાપ્ત થાય છે.  કહેવત પણ છે કે પુરુષાર્થ દ્વારા નર શ્રી નારાયણ અને નારી શ્રી લક્ષ્મી સમાન બની શકે છે તો સપષ્ટ છે કે શ્રી કૃષ્ણ, જેનું એક નામ "શ્રીનારાયણ" પણ છે.  પૂર્વ જન્મમાં નર હશે અને તેઓએ એવો ઉત્તમ પુરુષાર્થ કર્યો હશે કે આગલો જન્મ તેને શ્રી નારાયણ અથવા શ્રી કૃષ્ણના રૂપમાં પ્રાપ્ત થયો.  પૂર્વ જન્મમાં વિકારોનો સંપૂર્ણ સન્યાસ કરેલ હશે ત્યારે તે આ જન્મમાં બચપણથી જ નિર્વિકારી કહેવાયા.  ઈશ્વરીય જ્ઞાન અને સહજ યોગ દ્વારા અભ્યાસ કરી આત્માના પ્રકાશની કલાઓને વધારી, ત્યારે તો તે "૧૬ કળા સંપૂર્ણ દેવતા" કહેવાયા.

****